# <u>સુરતના ૯માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગની કોર્ટમાં</u>

ફોજદારી કેસ નં.૬૧૨૬૩/૨૦૨૪
આંક –

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓ :– ૧)ભૌમીક હીતેશભાઈ જોગાણી

૨) રિન્કુ પેરામસી મસિહા

૩) સાગર ધીરુભાઈ ધોળકીયા

૪) ધર્મેશ નરોત્તમભાઈ રાવત

૫) દિલીપ જશુભાઈ પટેલ

૬) કિરીટ લાલજીભાઈ બાવળીયા

૭) ગુણવંતભાઈ બાલુભાઈ ગોડાદરા

## <u>ગુન્હો :– જુગારધારા કલમ ૧૨ મુજબ</u>

(૧) આરોપીઓ સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પોતાના અંગત ફાયદા સારુ ગોળ કુડાળુ વળી ગંજીપાનાનો પૈસાનો હારજીતનો જુગાર રમતા પકડાઈ જઈ જુગારધારા કલમ ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) હાલના આરોપીઓ અદાલત રૂબરૂ હાજર રહેલ અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપીઓએ કબુલાત પુરસીસ રજૂ કરેલ છે અને આરોપીઓનો જવાબ રેકર્ડ કરવામાં

આવેલ, જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપીઓ ગરીબ પરિસ્થિતિના છે જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આરોપીઓ તરફેની કબુલાત ધ્યાને લેતાં આરોપીઓએ સ્વૈચ્છાએ કબુલાત કરે છે. આરોપીઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. આરોપીઓ તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે. જુગારધારા કલમ ૧૨ માં ૩ મહિના સુધીની સજા અને દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપીઓ એવી રજુઆત કરે છે કે તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવામાં આવે કેમ કે જો તેઓને વધુ સજા અને દંડ કરવામાં આવશે તો તેઓના પરીવારજનોનું ભરણપોષણ થઈ શકે તેમ નથી. આ કેસની હકીકત ધ્યાને લેતાં તેમજ આરોપીઓ તરફે રજુ થયેલ દલીલો અને સ્વૈચ્છીક કબુલાતને પણ ધ્યાને રાખતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ– ૨૫૨ અન્વયે જુગારધારા કલમ ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા બધા જ આરોપીઓ દીઠ રૂા.૨૦૦ મળી કુલ્લે રૂા. ૧૪૦૦ /– નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન –૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ રોકડ મુદામાલ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે

તેમજ અન્ય મુદામાલને અપીલ સમય વિત્યેથી નિયનોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૨ મી જુન સને ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં સ્પેશ્યલ સિટીંગમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

સુરત. (આશિમા ગર્ગ)

તા. ૨૨ / ૦૬/૨૦૨૪ ૯ માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,સુરત.

જીજે ૦૧૬૫૪